RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઈન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot



દીકરીઓના સ્વપ્નને સાકાર કરવા વાલીઓ તેમને ઉચ્ચ શિક્ષણ અપાવે

વાંચો પેજ નં. 7

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 28 June 2024, Friday | Page : 10 | Year : 1 | Issue : 216 | Price: 2/-



## શેરબજારમાં લાલચોળ તેજી

# સેન્સેક્સ પ્રથમ વખત 79000ને પારઃ નિફ્ટીએ પણ બનાવ્યો રેકોર્ડ

## રોકાણકારોને ૪૪.૦૧ લાખ કરોડની કમાણી

ભારત હેડલાઈન, તા.૨૭

ભારતીય શેરબજાર રેકોર્ડ બ્રેક તેજી સાથે સતત નવી સર્વોચ્ચ ટોચ બનાવી રહ્યું છે. લોકસભા ચૂંટણીના પરિણામો વખતે નોંધાયેલા મોટા કડાકા બાદ સેન્સેક્સ માત્ર ૧૬ ટ્રેડિંગ સેશનમાં જ ૬૯૬૪.૮૬ પોઈન્ટ ઉછળ્યો છે. જૂન મહિનામાં સેન્સેક્સ અને નિફ્ટીએ રેકોર્ડ પર રેકોર્ડ બનાવી રહ્યો છે. સેન્સેક્સ આજે સુધારા તરફી ખૂલ્યા બાદ ૭૯૩૯૬.૦૩ની રેકોર્ડ ટોચે પહોંચ્યો હતો. નિફ્ટી ૨૩૯૭૪.૭૦ની સર્વોચ્ચ ટોચ નોંધાવ્યા બાદ ૧૦.૫૦ વાગ્યે ૧૮.૧૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩૮૫૦.૭૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો. સેન્સેક્સ પેકની ૧૧ સ્ક્રિપ્સ ગ્રીન ઝોનમાં અને ૧૯ રેડ ઝોનમાં ટ્રેડ થઈ રહી હતી. બીએસઈ ખાતે ૨૩૩ શેર્સ અપર સર્કિટ, ૧૫૬ શેર્સ લોઅર સર્કિટ, જ્યારે ૨૪૦ શેર્સ વર્ષની ટોચે અને ૨૨ શેર્સ વર્ષના તળિયે પહોંચ્યા હતા. અંતે સેન્સેક્સ ૫૬૮.૯૩ પોઈન્ટ ઉછળી ૭૯૨૪૩.૧૮ અને નિફ્ટી ૧૭૫.૭૦ પોઈન્ટ ઉછળી ૨૪૦૪૪.૫૦ પર બંધ રહ્યો હતો અને રોકાણકારોને ૪૪.૦૧ લાખ કરોડની બમ્પર કમાણી થઈ હતી.

# Jio રિચાર્જ 3 જુલાઈથી મોંઘા થશે




ભારત હેડલાઈન, તા.૨૭

દેશની અગ્રણી ટેલિકોમ કંપની રિલાયન્સ જિયોએ પ્રીપેડ ટેરિફ પ્લાનની કિંમતો વધારવાની જાહેરાત કરી છે. જિયોના વધેલા ટેરિફ પ્લાન ૩ જુલાઈથી શરૂ થશે. કંપનીનો બેઝ પ્લાન જે પહેલાં ૧૫૫ રૂપિયાનો હતો એ વધીને ૧૮૯ રૂપિયા થઈ જશે. રિલાયન્સ જિયોએ ૧૭ પ્રીપેડ અને ૨ પોસ્ટ પેઈડ પ્લાનની કિંમતોમાં વધારો કર્યો છે.

રિલાયન્સ જિયોએ તેના પ્રીપેડ અને પોસ્ટપેડ પ્લાનની કિંમતોમાં ૧૫%થી ૨૫% સુધીનો વધારો કર્યો છે. નવા ટેરિફ પ્લાન ૩ જુલાઈથી અમલમાં આવશે. હવે ૨૩૯ રૂપિયાનો સૌથી લોકપ્રિય પ્લાન ૨૯૯ રૂપિયામાં ઉપલબ્ધ થઈ ગયો છે.

આ પ્લાનમાં દરરોજ 1.5GB ડેટા મળે છે. એની વેલિડિટી ૨૮ દિવસની છે. સૌથી સસ્તો પ્રીપેડ પ્લાન ૧૫૫ રૂપિયાનો હતો, હવે એની કિંમત વધારી ૧૮૯ રૂપિયા કરી દેવામાં આવી છે. જિયોએ પોતાના પ્લાનમાં ૩૪થી લઈને ૬૦૦ રૂપિયા સુધીનો વધારો કર્યો છે. આ ઉપરાંત અનલિમિટેડ 5G ડેટા માટે પણ જિયોએ ફેરફાર કર્યા છે. જેમાં હવેથી જે રિચાર્જમાં દૈનિક 2GB ડેટા મળે છે તેમાં જ અનલિમિટેડ 5G ડેટા મળી શકશે.

# NEET કૌભાંડ ગોધરાના વાલી-વિદ્યાર્થીઓ CBIના સકંજામાં

## CBIએ 6 વિદ્યાર્થી, વાલી અને જય જલારામ સ્કૂલના માલિકની પૂછપરછ કરી, મોડીરાત સુધી નિવેદનો લેવાયા

ભારત હેડલાઈન, તા.૨૭

ગુજરાતમાં NEET કૌભાંડ મામલે CBIની તપાસ તેજ કરાઈ છે. ગોધરા શહેરમાં જય જલારામ સ્કૂલમાં બહુચર્ચિત નીટની પરીક્ષાને લઈને આજરોજ ગોધરા શહેરના સર્કિટહાઉસ ખાતે સીબીઆઈ દ્વારા ૧૬ વિદ્યાર્થી પૈકી ગુજરાતના ૬ વિદ્યાર્થીનાં નિવેદન સાથે વાલીઓ અને આ કેસના સાક્ષીઓ તેમજ ઝડપાયેલા આરોપીઓ સાથે સંપર્કમાં આવેલા અન્ય ઈસમોની પણ પૂછપરછનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. આ સાથે CBIની ટીમ દ્વારા જય જલારામ સ્કૂલના માલિકનું નિવેદન પણ લેવામાં આવ્યું હતું. ગત સોમવારથી સીબીઆઈની ટીમે



દ્વારા ગોધરામાં ધામા નાખ્યા હતા. એમાં પંચમહાલ પોલીસ પાસેથી ૬ જેટલી ફાઈલ અને ૧૦૦૦ પાનાંના ડોક્યુમેન્ટ એકત્ર કરી તપાસ શરૂ કરવામાં આવી હતી. આજે ચોથા દિવસે ગોધરા શહેરના સર્કિટહાઉસ ખાતે સીબીઆઈ દ્વારા કુલ ૧૬ વિદ્યાર્થી પૈકી ગુજરાતના ૬ વિદ્યાર્થીનાં નિવેદન લેવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં સીબીઆઈ દ્વારા વિદ્યાર્થીઓ સાથે વાલીઓનાં પણ નિવેદન લેવામાં આવ્યાં હતાં, સાથે સાથે આ કેસના સાક્ષીઓ તેમજ ઝડપાયેલા આરોપીઓ સાથે સંપર્કમાં આવેલા અન્ય ઈસમોની પણ પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. જ્યારે વિદ્યાર્થીઓ વાલીઓ અને આ કેસના સાક્ષી તેમજ ઝડપાયેલા આરોપીના સંપર્કમાં આવેલા અન્ય ઈસમોનાં નિવેદનોમાં મોટા ખુલાસા થવાની શક્યતા સેવાઈ રહી છે.

## ‘ભારત હેડલાઈન’નો પડઘો

# લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતી બાલાજી વેફર કંપનીએ કરેલ દબાણો હટાવવાનું શરૂ કર્યું

**‘ભારત હેડલાઈન’ના અહેવાલ બાદ દબાણ હટાવવાનું શરૂ**



હવે



પહેલાં

ભારત હેડલાઈન IMPACT

**બાલાજી વેફર્સ કંપની દ્વારા માનવ સર્જિત આફતો ઉભી કરવી અને પોતાની ખાદ્ય ઉત્પાદન ચીજવસ્તુના ખોરાકમાં જીવજંતુ નીકળવા તેમજ વેફરના પડીકામાં વજન ઓછું નીકળવું વગેરે બાબતની લાપરવાહી સામે આવતી હોવા છતાં તંત્ર મૌન, આખરે કંપનીએ પોતે જ દબાણ હટાવવાનું વિચાર્યું**



ભારત હેડલાઈન, તા.૨૭
બહુ ચર્ચિત બાલાજી વેફર્સ કંપની દ્વારા માનવ સર્જિત આફતો ઉભી કરવી અને પોતાની ખાદ્ય ઉત્પાદન ચીજવસ્તુના ખોરાકમાં જીવજંતુ નીકળવા તેમજ વેફરના પડીકામાં વજન ઓછું નીકળવું વગેરે બાબતની લાપરવાહી સામે આવતી હોવા છતાં તંત્ર મૌન રહ્યું છે. પ્રજાના જાહેર આરોગ્ય સાથે ચેડાં કરતી બાલાજી વેફર કંપની સામે તંત્ર મૌન હતું ત્યારે ‘ભારત હેડલાઈન’ અખબારે પોતાનો અખબારી ધર્મ બજાવવા ઘણા દિવસથી આ બાબતે સત્યથી સમાચારો પ્રસિદ્ધ કર્યા હતા. પ્રજાના આરોગ્યના હિતમાં અનેક સવાલો ઉઠાવ્યા હતા. અખબારી અહેવાલોની નોંધ લઈ આજે કુદરતી સંપત્તિ પર કરેલ દબાણ હટાવવાનું તંત્રએ કોઈ કાર્યવાહી હાથ નહીં ધરાતા કંપનીએ પોતે કરેલ આ દબાણોને જાતે જ દૂર કરવાનું કાર્ય હાથ ધર્યું હતું.

# ખોખડદડ ગામે ખેતીની જમીન પર ગેરકાયદે બાંધકામઃ કુમકુમ પાર્ટી પ્લોટ ખડકી દેવાયો



## પાર્ટી પ્લોટની બાજુમાં આવેલા સરકારી ખરાબાની જમીનની ફરતે બાજુ ફેન્સિંગ બાંધી પાર્કિંગ કરી દીધું

## આટલેથી ન અટકતા કુદરતી સંપત્તિ ગણાતી નદીનું વહેણ રોકી ત્યાં પણ રેતી-કપચી પાથરી જમીન પર દબાણ કરી લેવાયું

## બાંધકામ વિરુદ્ધ લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવા તાલુકા મામલતદારને અરજી

## ગ્રામ પંચાયતના સદસ્ય જ પાર્ટી પ્લોટનું સંચાલન કરતા હોવાની લોકમુખે ચર્ચા

ભારત હેડલાઈન, તા.૨૭

છેલ્લા ઘણા સમયથી સરકારી ખરાબા અને ખાનગી માલિકીની જમીન પર ગેરકાયદે બાંધકામોનો રાફડો ફાટ્યો છે સામાન્ય રીતે શહેરી વિસ્તારમાં દબાણની ફરિયાદો વધુ આવતી હોય છે પરંતુ હવે તો ગ્રામ્ય વિસ્તારોમાં પણ લોકો દબાણ અને અનધિકૃત બાંધકામો કર્યાનું સામે આવી રહ્યું છે.

મળતી વિગતો મુજબ રાજકોટ તાલુકાના ખોખડદડ ગામે આવેલી ખેતીની જમીન પર ગેરકાયદે રીતે કુમકુમ પાર્ટી પ્લોટ ખડકી દેતા તાલુકા મામલતદારમાં અરજી કરવામાં આવી છે. જ્યારે કુમકુમ પાર્ટી પ્લોટના બાજુમાં સરકારી પડતર જમીન (ખરાબો) આવેલ છે તેમાં પણ દબાણ કરવામાં આવેલ છે. અને આ પાર્ટી પ્લોટના માલિક મન પડે તે હેતુ માટે તેનો ઉપયોગ કરે છે. સરકારી ખરાબાની જમીન પર પાર્ટી પ્લોટના માલિકે પાર્કિંગ ઉભું કરી દીધું છે. જ્યારે આટલેથી ન અટકતા કુદરતી સંપત્તિ ગણાતી નદીનું વહેણ રોકી ત્યાં પણ દબાણ કરી લીધાનું સામે આવ્યું છે.

રાજકોટ તાલુકા મામલતદારને કરવામાં આવેલી અરજી મુજબ પાર્ટી પ્લોટ ધારક સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. અનધિકૃત બાંધકામ, ખોદકામ, વૃક્ષો કાપવા, ગેરકાયદેસર રસ્તાઓ, જંગલની જગ્યામાંથી વીજ પુરવઠો આપવાના કારણે પર્યાવરણને નુકસાન થઈ રહ્યું છે. ઘણા મહત્વપૂર્ણ કાયદાઓનું ઉલ્લંઘન થતા જરૂરી કાર્યવાહીની માગણી થઈ રહી છે

## રાજકોટની રવિવારીના ૫૦૦ પાથરણાંવાળાને લેન્ડ ગ્રેબિંગની નોટિસ

# ૫૦૦ ગરીબ પાથરણાંવાળા સામે કાર્યવાહી ન કરોઃ જિગ્નેશ મેવાણીની ધરણાંની ચીમકી



ભારત હેડલાઇન, તા.૨૭

રાજકોટના આજીડેમ ખાતે ૪૦ વર્ષ જૂની રવિવારી બજારમાં પાથરણાં પાથરી પેટિયું રળતા નાના અને ગરીબ વેપારીઓને વહીવટી તંત્ર દ્વારા લેન્ડ-ગ્રેબિંગની નોટિસ મળી છે. એને પગલે આજે વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીની આગેવાનીમાં કલેક્ટર કચેરીએ રજૂઆત કરવામાં આવી હતી. આ દરમિયાન ધારાસભ્ય મેવાણીએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીના નેતાઓએ અધિકારીઓ અને બિલ્ડરો સાથે સાઠગાંઠથી સેંકડો ગેરકાયદે બિલ્ડિંગો ઊભાં કર્યાં છે, જેની સામે કાર્યવાહી કરવાને બદલે આજીડેમ ખાતે રવિવારી બજારમાં પેટિયું રળતા ૫૦૦ જેટલા ગરીબ વેપારીઓને મુશ્કેલી પહોંચે એ રીતે લેન્ડ-ગ્રેબિંગની નોટિસ ફટકારી છે, જે કાર્યવાહી ન થવી જોઈએ અને ૧૫૦થી વધુ ટીપર વાનચાલકોને લઘુતમ વેતન આવતું નથી, જેથી આ બંને મુદ્દે કલેક્ટરને રજૂઆત કરવા આવ્યા છીએ અને જો એનું ૧૫ દિવસમાં નિરાકરણ નહીં આવે તો કલેક્ટર કચેરી બહાર ધરણાં પર અમે બેસી જઈશું.

રાજકોટ કલેકટરને સંબોધીને લખાયેલું આવેદન અધિક કલેક્ટર ચેતન ગાંધીને આપવામાં આવ્યું હતું. આ આવેદનપત્રમાં ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતુ કે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા ટીપર વાનના ડ્રાઈવર અને સંલગ્ન સ્ટાફને લઘુતમ વેતન ચૂકવવામાં આવતું નથી. પગાર સ્લિપ આપવામાં આવતી નથી અને અન્ય શ્રમ કાયદાનું ઉલ્લંઘન કરી તેમનું શોષણ કરવામાં આવે છે. આ શ્રમિકો આપણા રાજકોટને ઊજળું રાખે છે, સ્વચ્છ રાખે છે. તેમના શ્રમ બદલ તેમની મહેનતને બિરદાવવાને બદલે તેમનું ભયંકર શોષણ કરવામાં આવી રહ્યું છે. અમે માંગણી કરીએ છીએ કે તેમને નિયમાનુસાર લઘુતમ વેતન ચૂકવાય, પગાર સ્લિપ મળે, તેમનુ પી.એફ. જમા થાય એ માટે શ્રમ વિભાગ અને મ્યુનિસિપલ કોર્પોરેશનને જરૂરી નિર્દેશો આપશો.

તેમણે વધુમાં કહ્યું, આજ પ્રમાણે રાજકોટ શહેરના સેંકડો પાથરણાંવાળા, રેંકડીવાળા, જેઓ રવિવારી બજાર ભરતા હોય છે, જેમનો શહેરની આર્થિક ગતિવિધિઓમાં મહત્ત્વનો રોલ હોવાનું આ દેશની સંસદમાં પસાર થયેલા સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટમાં નોંધવામાં આવ્યું છે.

તેમને ત્યાંથી ખસેડી દેવાની અને આ ગરીબ પાથરણાંવાળાઓને લેન્ડ-ગ્રેબિંગની નોટિસો ફટકારવામાં આવી છે. આ સંદર્ભે લેન્ડ- ગ્રેબિંગની કોઈ કાર્યવાહી આવા રોજ કમાઈને રોજ ખાનારા ગરીબો પર ન કરવામાં આવે અને તેમને જ્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં ન આવે ત્યાં સુધી એ સ્થળેથી દૂર પણ કરવામાં ના આવે એ સુનિશ્ચિત કરશો.

# ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર અંતે સસ્પેન્ડ

## TRP ગેમઝોન કાંડમાં એક મહિનામાં ૧૬ અધિકારી સામે પગલાં ભરવામાં આવ્યા

ભારત હેડલાઇન, તા.૨૭

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડની ઘટનાને એક મહિનાથી વધુ સમય વિતી ગયો છે ત્યારે આ ઘટનામાં અત્યાર સુધીમાં મહાનગરપાલિકા પોલીસ અને ફાયર તેમજ છ્રાઈના ૧૬ અધિકારીઓ સામે પગલાં લેવાયા છે ત્યારે રાજકોટના આ અગ્નિકાંડમાં ફાયર ઓફિસર ઈલેશ ખેરને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

રાજકોટમાં બનેલી આ ગોજારી દુર્ઘટના બાદ સરકારે તાત્કાલીક તપાસના આદેશ આપ્યા હતાં અને જવાબદારો સામે કાર્યવાહી કરવા હુકમ કર્યો હતો. રાજકોટ ગેમઝોન આગ કાંડમાં મહાનગરપાલિકાના ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અગાઉ આ મામલે સાત સામે પગલાં લેવાયા છે અને મહાનગરપાલિકાના આઠ અધિકારીઓ સામે કાર્યવાહી થઈ છે. ઘટનાના એક માસ બાદ અત્યાર સુધીમાં એક આઈએએસ, ત્રણ આઈપીએસ, સહિત ૧૬ સામે પગલાં લેવામાં આવ્યા છે. મહાનગરપાલિકાના ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ડી.જે.ઠેબા, સ્ટેશન ઓફિસર રોહિત વિગોરાને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોય તેમજ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ ઓફિસર એમ.ડી.સાગઠીયા, એ.ટી.પી.ઓ. જયદીપ ચૌધરી, એ.ટી.પી.ઓ. ગૌતમ જોષી, આસીસ્ટન્ટ ઈજનેર જયદીપ ચૌધરી સામે પણ કાર્યવાહી કરવામા આવી છે.

ઉપરાંત પોલીસ વિભાગમાં પીઆઈ વી.આર.પટેલ અને પીઆઈ એન.આઈ. રાઠોડને સસ્પેન્ડ કરાયા છે. જ્યારે માર્ગ અને મકાન વિભાગનાં મદદનીશ ઈજનેર પારસ કોઠીયા અને નાયબ કાર્યપાલ



ઈજનેર એમ.આર.સુમાને પણ સસ્પેન્ડ કરાયા હોય તેમજ આગ કાંડમાં મહાનગરપાલિકાના કમિશનર આનંદ પટેલ, પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, અધિક પોલીસ કમિશ્નર વિધી ચૌધરી અને ડી.સી.પી.ઝોન-૨ સુધીર દેસાઈની તાત્કાલીક અસરથી બદલી કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્રમાં મેઘમહેર



## નખત્રાણાની બજારમાં નદીઓ વહી, સૌરાષ્ટ્રમાં સર્વત્ર અનરાધાર

ભારત હેડલાઈન, તા.૨૭

ગુજરાતમાં ચોમાસું જામ્યું છે ત્યારે રાજ્યમાં જુદા જુદા વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ અનેક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદ વરસી રહ્યો છે અને આગામી દિવસોમાં પણ ભારેથી અતિભારે વરસાદ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પડવાની હવામાન વિભાગની આગાહી છે. આજે વાતાવરણમાં પલટો આવ્યા બાદ નખત્રાણા તાલુકામાં ભારે વરસાદ વરસ્યો હતો. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરમાં ઘણા સ્થળોએ પાણી ભરાયા હતા. ભારે વરસાદના પગલે નખત્રાણાની મુખ્ય બજારમાંથી પ્રચંડ પ્રવાહ સાથે જાણે નદી વહી રહી હોય તેવું જોવા મળ્યું હતું. મુખ્ય બજાર સહિતના વિસ્તારમાં પાણી ભરાતા વાહન ચાલકો અને રાહદારી અટવાયા હતા. નખત્રાણામાંથી પસાર થતા માર્ગો પર ભારે પાણી ફરી વળ્યા હતા. માર્ગો પાણીમાં ગરકાવ થઈ જવાથી નખત્રાણા-ભુજ હાઈવે બંધ કરવાની ફરજ પડી હતી. એક તરફ રસ્તા પર પાણી વહી રહ્યાં હતા ત્યારે એક બાઈક સવાર ત્યાંથી પસાર થઈ રહ્યો હતો અને પાણીના પ્રવાહમાં ઘૂસી ગયો હતો. જોકે પાણીનો વેગ વધુ હોવાથી બાઈક સવાર અધવચ્ચે અટવાઈ ગયો હતો. જોકે એ સમયે સ્થાનિક લોકોએ બાઈક સવાર બે લોકો અને બાઈકને બહાર કાઢ્યા હતા. આજે બપોર બાદ સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓમાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. અને ધોધમાર વરસાદની શરૂઆત થઈ ચૂકી હતી. આજે બપોર બાદ જુનાગઢ, પોરબંદર, રાજકોટ, અમરેલી, સોમનાથ, ભુજ સહિતના વિસ્તારોમાં મુશળાધાર વરસાદની શરૂઆત થઈ ચૂકી હતી.

દાહોદ જિલ્લામાં બપોર બાદ સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. શહેર અને ગ્રામ્ય પંથકમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થતાં લોકોની ગરમીથી રાહત મળી હતી. દાહોદ, મીરાખેડી, છાપરી, લીમડી, વરોડ, દમેળા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ ખાબક્યો છે.

બોટાદ જિલ્લામાં સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો. ગઢડામાં સતત ૨ કલાકના વિરામ બાદ ફરી વખત વરસાદ શરૂ થયો હતો. સતત વરસાદથી શહેરના માર્ગો પર પાણી ફરી વળ્યાં હતાં.

અમરેલી જિલ્લામાં સવારથી જ વાદળછાયું વાતાવરણ છવાયું હતું. હાલ લાઠી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ શરૂ થયો છે. શહેરમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસતા બજારોમાં પાણી ભરાયા છે. અસહ્ય બફારા બાદ વરસાદ આવતા લોકોને ગરમીથી રાહત મળી છે.

ગીરસોમનાથ જિલ્લામાં વિરામ બાદ ફરી વરસાદ શરૂ થયો છે. તાલાળા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં હળવો વરસાદ વરસ્યો છે. તાલુકાના ધાવા ગીર, સુરવા, જામ્બુર, જસાધારમાં ધીમીધારે વરસાદ શરૂ થયો છે.

## રાજકોટ જિલ્લામાં મેઘસવારી

### યાજ્ઞિક રોડ, રેસકોર્સ, ત્રિકોણ બાગ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, માધાપર સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા

ભારત હેડલાઈન, તા.૨૭

આજે સતત બીજા દિવસે રાજકોટ શહેરમાં વરસાદી વાતાવરણ જોવા મળી રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા આજે રાજકોટ અને સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી વચ્ચે શહેર અને જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. શહેરના યાજ્ઞિક રોડ, રેસકોર્સ રિંગ રોડ, કાલાવડ રોડ, ત્રિકોણ બાગ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રૈયા રોડ, સાધુવાસવાણી રોડ, માધાપર અને મુંજકા સહિત શહેરના તમામ વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. જેને લઈને અનેક વિસ્તારોમાં રસ્તા પરથી વરસાદી પાણી ફરી વળ્યા છે. આ સાથે રાજકોટ જિલ્લામાં પણ રાજકોટ, જેતપુર, ગોંડલ અને ધોરાજી તાલુકાના અલગ અલગ ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ શહેરમાં ગઈકાલે અડધો ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જે બાદ આજે ફરી સતત બીજા દિવસે વરસાદ વરસતા રાજકોટવાસીઓ ખુશ જોવા મળી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, બુધવારે રાજકોટના ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ કરીને ગોંડલ, જેતપુરમાં દોઢથી બે ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોમાં આજે ભારે વરસાદની શક્યતા છે.

## NDRFની ટીમ રાજકોટ પહોંચી



સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદી માહોલ જામતો જાય છે ત્યારે હવામાન વિભાગે આજથી ત્રણ દિવસ ભારેથી અતિભારે આગાહી કરવામાં આવી છે. જેના કારણે કોઈ અનિચ્છિનીય ઘટના ન બને ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા રાજકોટ સહિત સૌરાષ્ટ્રના પાંચ જિલ્લાઓમાં એનડીઆરએફની ટીમ ફાળવી દીધી છે. જેમાં આજે કંપની કમાન્ડર સહિત ૪૭ જવાનોની એનડીઆરએફની ટીમ રાજકોટ આવી પહોંચી છે. એનડીઆરએફની ટીમ પોતાની સાથે પૂરની પરીસ્થિતિને પહોંચી વળવા માટે નાની બોટ, ટ્યુબ, દોરડા સહિતની તમામ સાધન સામગ્રીઓ સાથે રાજકોટ આવી પહોંચી છે.

# રાજકોટમાં લિફ્ટ હેઠળ દબાઈ જતા ૩ વર્ષની બાળકીનું કમકમાટીભર્યું મોત

## હેવલોક એપાર્ટમેન્ટનો બનાવ, ગ્રાઉન્ડ ફ્લોર પર રમતા રમતા દરવાજો ખોલી બાળકી નીચેના ખાડામાં જતી રહી, ઉપરથી લિફ્ટ આવતા કમકમાટીભર્યું મોત થયું

ભારત હેડલાઇન, તા.૨૭

પંચાયત ચોકમાં એક બિલ્ડીંગની લિફ્ટ હેઠળ દબાઈ જતા ૩ વર્ષની બાળકીનું મોત થયું હતું. હેવલોક એપાર્ટમેન્ટનો આ બનાવ છે. ગ્રાઉન્ડ ફ્લોર પર રમતા રમતા દરવાજો ખોલી બાળકી નીચેના ખાડામાં પડી ગઈ હતી. ઉપરથી લિફ્ટ આવતા કમકમાટીભર્યું મોત થયું હતું. મૃતક બાળકી મેરીનાનો પરિવાર મૂળ નેપાળનો વતની છે. તેમના પિતા વિમલ હજુ ૬ માસ પહેલા જ અહીં રહેવા આવેલા હતા. એકની એક પુત્રીના મોતથી કુટુંબ શોકમાં ગરકાવ થયો છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, મેરીના વિમલભાઈ કારકી (ઉ.વ.૩, રહે.પંચાયત ચોક, શિવશક્તિ મેઈન રોડ, હેલલોક એપાર્ટમેન્ટની પાર્કિંગની ઓરડીમાં) સવારે ૧૦.૩૦ વાગ્યા આસપાસ હેવલોક બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોર પર રમતી હતી ત્યારે રમતા રમતા તે લિફ્ટના બંધ દરવાજા સીધી પહોંચી ગઈ હતી. લિફ્ટ ઉપરના માળે ગઈ ત્યારે બાળકીએ નીચેનો દરવાજો ખોલતા લિફ્ટના ખાડામાં પડી ગઈ હતી. ત્યારબાદ ઉપરથી લિફ્ટ નીચે આવતા બાળકી લિફ્ટ હેઠળ દબાઈ ગઈ હતી. બાળકીએ ચીસ પાડતા ફ્લેટમાં રહેતા લોકોને જાણ થતાં તુરંત જ લિફ્ટ ઉપર લેવા પ્રયત્નો કર્યા હતા.

પણ લિફ્ટ ઉપર ન જતી હોય, મિકેનિકલને બોલાવેલ. બાળકીના પિતા વિમલ કારકીએ કહ્યું કે, હું કામ પર ગયો હતો. મારી પત્ની ક્રિષ્ના પણ કામ પર હતી. કોઈ ફ્લેટ ધારકે મને ફોન કરી જાણ કરી કે, મારી બાળકી લિફ્ટ નીચે ફસાઈ છે. હું તુરંત ત્યાં પહોંચ્યો. ત્યારે લિફ્ટ મિકેનિકલ આવેલ. તેણે લિફ્ટ ઉપર લીધી ત્યારે મારી દીકરી લિફ્ટના ખાડામાં નીચે બેભાન લોહીલુહાણ હાલતમાં પડી હતી.

કોઈએ ૧૦૮ને જાણ કરતા એમ્બ્યુલન્સ આવી હતી. તેના ડોકટરે મારી દીકરીને તપાસી મૃત જાહેર કરી હતી. અન્ય પરિવારજનોએ જણાવ્યું લિફ્ટ ઉપર હતી છતાં દરવાજો ખુલ્લો હતો, અથવા તો રમતા રમતાં બાળકીએ ખોલી નાખ્યો હતો.



દરવાજો કેમ ખુલ્યા એ પ્રશ્ન છે. તેને લિફ્ટમાં ખામી કહીં શકાય. આ દંપતિ હજુ પાંચેક મહિના પહેલા જ અહીં રહેવા આવ્યા હતા. પિતા ચોકીદારી કરે છે.

# વધુ ત્રણનાં હાર્ટએટેકથી મોત



ભારત હેડલાઇન, તા.૨૭

રાજકોટમાં છેલ્લા ઘણા વખતથી નાની ઉંમરમાં હૃદય રોગના હુમલાના બનાવો વધી રહ્યાં છે. રાજકોટમાં ૧૦ વર્ષના બાળકને ગરબા રમતા હાર્ટએટેક આવ્યો હતો. તેમજ મહાનગરપાલિકાના સફાઈ કામદાર અને બાવન વર્ષના પ્રૌઢનું હાર્ટએટેક આવતાં એક જ દિવસમાં હાર્ટએટેકથી ત્રણનાં મોત નિપજ્યા હતાં.

રાજકોટમાં વધતાં જતાં હૃદયરોગના હુમલાના બનાવોથી લોકોમાં ભારે ચિંતા ફેલાઈ ગઈ છે. છેલ્લા એક વર્ષથી હૃદયરોગના હુમલાના બનાવો વધી રહ્યાં છે ત્યારે રાજકોટમાં એક જ દિવસમાં ત્રણ લોકોનાં હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યા છે. જેમાં રાજકોટનાં મવડી પ્લોટ નજીક જીવરાજ પાર્ક પાસે રહેતા અને ધો.૫માં અભ્યાસ કરતાં પ્રિયન જીજ્ઞેશભાઈ પોકીયા (ઉ.૧૦) પોતાના ઘર નજીક બાલાજી ગરબા મંડળમાં ગરબાની પ્રેકટીસ કરતો હતો ત્યારે તેને હૃદય રોગનો હુમલો આવતાં બેભાન હાલતમાં સારવાર માટે ખસેડાયો હતો. જેનું સારવાર દરમિયાન મોત થયું હતું. પ્રિયનને જન્મથી જ હૃદયમાં કાણુ હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

બીજા બનાવમાં રેલનગર અવધ પાર્ક શેરી નં.૪માં રહેતા અને મહાનગરપાલિકાના નિવૃત્ત સફાઈ કર્મચારી નાથાભાઈ ધનાભાઈ વાઘેલા (ઉ.૭૫) પોતાના ઘરે બેભાન હાલતમાં ઢળી પડયા હતાં. જેને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા હોય તેમનું મોત થયું હતું. નાથાભાઈ છેલ્લા ચાર વર્ષથી પેરેલીસીસની બિમારીનો ભોગ બન્યા હતાં. ત્રીજા બનાવમાં રાજકોટનાં નવલનગર ૯-૧૧માં રહેતા મુકેશભાઈ બાલુભાઈ દદાલી (ઉ.૫૨) ગઈકાલે બપોરે ઘરે બેભાન થઈ ગયા હતાં. જેને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા હતાં. પરંતુ સારવાર મળે તે પૂર્વે જ તેમનું મોત થયું હતું.

# અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિનાં યશસ્વી રાષ્ટ્રીય અધ્યક્ષ જિજ્ઞેશ કાલાવડિયાનો આજે જન્મદિવસ

ભારત હેડલાઇન, તા.૨૭

અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ નાં યશસ્વી રાષ્ટ્રીય અધ્યક્ષ અને અનેક સામાજિક - સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા પત્રકાર જગત નાં દિગ્ગજ એવા જિજ્ઞેશભાઈ કાલાવડિયા નો આજે જન્મદિવસ છે. ૨૮ જૂન,૨૦૨૪ નાં રોજ યશસ્વી જીવન નાં ૪૭ વર્ષ પૂર્ણ કરનાર જિજ્ઞેશ કાલાવડિયા એ તેમનાં સંઘર્ષ મય જીવનમાં અનેક ક્ષેત્રે ખેડાણ કરી ને લાખો યુવાનો માટે પથ દર્શક ની ભૂમિકા નિભાવી છે. પત્રકાર સુરક્ષા કાનૂન ની માંગ સાથે દેશભર માં તેઓ પત્રકારો ની આર્થિક - સામાજિક અને શારીરિક સુરક્ષા હેતુ અભિયાન ચલાવી રહ્યા છે જે અંતર્ગત છત્તીસગઢ સરકારે પત્રકાર સુરક્ષા કાનૂન લાગુ કરેલ છે અને બીજા અનેક રાજ્યોમાં તે વિચારાધીન છે. તેઓએ દૈનિક લોક સમર્થન, હિન્દી દૈનિક લોક સ્વામી અને દૈનિક સૌરાષ્ટ્ર આસપાસ નાં તંત્રી તરીકે પત્રકાર જગતમાં ઈન્વેસ્ટીગેટીવ જર્નાલિઝમમાં નોંધપાત્ર કામગીરી કરેલી છે. લોક સમર્થન દૈનિક નાં માધ્યમ થી સૌરાષ્ટ્ર નાં અનેક કૌભાંડો તેઓએ ઊજાગર કર્યા છે. શહીદ ભગતસિંહ ની વિચારધારા ને વરેલા હોય તેઓ ''ભગતસિંહ ક્રાંતિ દળ'' અને ''ગુજરાત યુવા પરિષદ'' માધ્યમથી સતત યુવાનોમાં રાષ્ટ્રવાદી અને ક્રાંતિકારી વિચારધારા નાં પ્રચાર પ્રસાર નું કામ કરી રહ્યા છે. હાલમાં તેઓ રાજકોટ અને ગાંધીનગર થી પ્રસિદ્ધ થતાં દૈનિક ''ચક્રવાત'' નાં મેનેજિંગ તંત્રી અને રાજકોટ થી પ્રસિદ્ધ થતાં હિન્દી દૈનિક ''ન્યાય કા પ્રહરી'' માં એસોસિયેટ એડિટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમનાં જન્મદિન પર આજે દેશ - વિદેશ માં ફેલાયેલા તેમનાં વિશાળ મિત્ર વર્તુળ અને શુભેચ્છકો તરફથી તેઓને તેમનાં મોબાઈલ નં.૯૮૨૫૦૨૦૦૬૪ પર શુભેચ્છા સંદેશ મળી રહ્યા છે.




## જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશનનાં ઉપક્રમે

# ડાયાબિટીસ પીડિત બાળકો માટે નિઃશુલ્ક ચેકઅપ કેમ્પઃ ક્રિકેટર, અભિનેત્રીની ઉપસ્થિતિ રહ્યાં

- કેમ્પમાં વ્રજરાજકુમાર મહોદયએ બાળકોને આશિષ સાથે ભેટ આપી

ભારત હેડલાઇન, તા.૨૭

જુવેનાઇલ ડાયાબિટીસ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા ૨૧મી વર્ષગાંઠને અનુલક્ષી ટાઇપ-૧ ડાયાબિટીસથી પીડિત બાળકો માટે નિઃશુલ્ક બે દિવસીય મેગા ચેકઅપ અને અવેરનેસ કેમ્પ આગામી ૨૯ અને ૩૦ જૂનના પ્રમુખ સ્વામી ઓડિટોરીયમ, આલાપ ગ્રીન સિટી સામે, રૈયા રોડ રાજકોટ ખાતે યોજાશે. વીવાયઓ સંસ્થાના



સંસ્થાપક વલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ વ્રજરાજકુમારજી મહારાજ વિશેષ ઉપસ્થિત રહી જેડીએફના બાળકો અને તેમના વાલીઓને મંગલ આશિષ પાઠવશે. આ કાર્યક્રમમાં જાણીતા ક્રિકેટર જયદેવ ઉનડકટ અને મીસ ગ્રાન્ડ ઈન્ડિયા પ્રાચી નાગપાલ, ફિલ્મ અભિનેત્રી એશ્વર્યા સખુજા પણ ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધારશે. સેવા સમર્પણની ભાવના સાથે ચાલતી આ સંસ્થામાં ટાઇપ-૧ ડાયાબિટીસથી પીડિત બાળકોની સંખ્યા ૨ હજાર છે. ૨૦ વર્ષથી બાળકો માટે મનોરંજક કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહી છે. જેની કુલ સંખ્યા ૭૪ છે. ડો. નિલેશ દેત્રોજા, ડો. પંકજ પટેલ, ડો. હર્ષ દુર્ગીયા, ડો. સાગર બરાસરા, ડો. કૌશલ શેઠ, ડો. તપન પારેખ, ડો. ચેતન દવે, ડો. ઝલક શાહ ઉપાધ્યાય નિઃસ્વાર્થ સેવા આપી રહ્યા છે. અપુલ દોશી, અનિશ શાહ, રોહિત કાનાબાર, હરીકૃષ્ણ પંડયા, અમીત દોશી, અજય લાખાણી, મિતેષ ગણાત્રા ફાઉન્ડેશન ચલાવી રહ્યા છે. આ કાર્યક્રમમાં મોલેશભાઇ ઉકાણી, બાન લેબ્સ, વીવાયઓ, કમલનયનભાઈ સોજીત્રા ફાલ્કન પમ્પસ પ્રા.લિ., ડોનર, પ્રભુદાસભાઈ પારેખ, શિલ્પા જવેલર્સ, ડોનર, જગતસિંહ જાડેજા, ઈસુઝુ મોટર્સ, ડોનર, પુરષોત્તમભાઈ પીપળીયા, સીઈઓ આરસીસી બેંક - રાજકોટ, શંભુભાઈ પરસાણા, પ્રશાંત કાસ્ટીંગ પ્રા.લિ., ડોનર, ધીરુભાઈ સુવાગીયા, ફાલ્કન પમ્પસ પ્રા.લિ. , ડોનર, હરીશભાઈ લાખાણી, અગ્રણી બિલ્ડર્સ ડીએલએફ ગ્રુપ, ડોનર, પરેશભાઇ રૂપારેલીયા, લેન્ડ ડેવલપર્સ, ડોનર, પૃથ્વીરાજસિંહ જાડેજા, મદદનીશ ચેરિટી કમિશનર, મનેશભાઇ માડેકા ચેરમેન-રોલેક્ષ રીગ્સ લિમીટેડ, ડોનર, જગદીશભાઈ કોટડીયા, ફાલ્કન પમ્પસ પ્રા.લિ. , ડોનર, વીવાયઓ, રાજુભાઈ પોબારુ, પ્રમુખ-રઘુવંશી સમાજ, બિલ્ડર, ડોનર, પુનિતભાઈ ચોવટીયા, ચેરમેન - યુનિટી સિમેન્ટ પ્રા.લિ., વીવાયઓ, કિશોરભાઈ ત્રિવેદી સિનીયર આર્કિટેક, ડોનર, પ્રમુખ - ચાટર્ડ એકાઉન્ટન્ટ, ડો. જીતેન્દ્ર અમલાણી સિનીયર યુરોલોજિસ્ટ, ડાયરેકટર માર્કેટીંગ યુનિટી સિમેન્ટ, વીવાયઓ, મિતુલભાઈ મહેતા સંજયભાઈ ચંડીભમ્મર, બિલ્ડર, હોટલ ફર્ન, મહેન્દ્રભાઇ રાધનપુરા, કે ડી જવેલર્સ, વિપુલભાઈ બાર, હાડવેર ખઝાના, હેમંતભાઈ પટેલ, બિલ્ડર્સ, વીવાયઓ, અશોકભાઈ મીસ્ત્રી, સિનીયર આર્કિટેક, જયદીપભાઇ વાઘર, રોટરી કલબ ઓફ ગ્રેટર, મિત્તલભાઈ ખેતાણી, એનિમલ હેલ્પલાઈન, ડો. સચિન સિંઘ, ડિરેકટર - એઇમ્સ, ભારતીબેન નાયક, ઈવેન્ટ ઓર્ગેનાઇઝર, રવિશકુમાર ઉપસ્થિત રહેશે.

# દીકરીઓના સ્વપ્નને સાકાર કરવા વાલીઓ તેમને ઉચ્ચ શિક્ષણ અપાવેઃ કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા





ભારત હેડલાઇન, તા.૨૭

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાની આંગણવાડી શાળાઓમાં પ્રવેશોત્સવના બીજા દિવસે ભુલકાઓને કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાએ પ્રવેશ કરાવ્યો હતો. ઉંડવા સાંકળ અને કારેલી ગામની આંગણવાડી પ્રાથમિક અને માધ્યમિક શાળાના બાળકોને કંકુ તિલક કરી શૈક્ષણિક કીટ આપી પ્રવેશ અપાવ્યો હતો. શાળાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન અને સિદ્ધિ હાંસલ કરનાર અને રમત-ગમતમાં આગળ આવનાર બાળકોને મંત્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમના દ્વારા શાળાના કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.



# મંત્રી ભાનુબેન બાબરિયાની રિક્ષાની સવારી

ભારત હેડલાઇન, તા.૨૭

સરળ સ્વભાવના મંત્રી ભાનુબેન બાબરીયાએ સરકારી કારની સગવડ હોવા છંતાં શાળાથી દૂરના અંતરે રહેતા બાળકોને શાળા સુધી જવા માટે સરકાર દ્વારા અપાતી ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનો પ્રારંભ કરાવી બાળકો સાથે મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાએ રિક્ષાની સવારી કરી હતી. સાથોસાથ આંગણવાડી - શાળામાં પ્રવેશ કરી રહેલા બાળકો સાથે મંત્રીએ પોતાના મોબાઈલમાં સેલ્ફી પણ લીધી હતી.

# સીંગતેલના ભાવમાં વધારોઃ ડબ્બો રૂા.૨૬૦૦એ પહોંચ્યો

ભારત હેડલાઇન, તા.૨૭

આજે ફરી સીંગતેલના ભાવમાં રૂા.પાંચનો વધારો થયો છે. ઉપરાંત પામોલીનમાં પણ રૂા.પાંચ વધ્યા છે. હાલ બજારમાં મગફળીની આવક ઘટી છે. રૂા.પાંચના વધારા સાથે સીંગતેલ ડબ્બાના રૂા.૨૫૫૦-૨૬૦૦, રૂા.૨૫૦૦-૨૫૫૦એ પહોંચ્યો છે. પામોલીન તેલ પણ રૂા.પાંચના ભાવ વધારા સાથે ડબ્બાના રૂા.૧૪૮૦-૧૪૮૫એ પહોંચ્યો હતો.મગફળીની બજારમાં ભાવ મજબૂત થઇ રહ્યા છે. મણે રૂા.૫ થી ૧૦નો સુધારો જોવા મળ્યો હતો. મગફળીના માલની આવક ઘટી છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશથી આવતી મગફળી મોંઘી થઇ છે જેની સીધી અસર તેલના ડબ્બાની કિંમત પર પડી છે. છેલ્લા કેટલાક સમયથી ભાવ વધી રહ્યા છે.

# રાજકોટમાં ચોમાસું બેઠુ ત્યાં જ મનપાએ કરાવ્યો લોકોને ફરી ઉનાળા જેવો અહેસાસ

- આજે વોર્ડ નં. ૧૧-૧૨ પાર્ટ, આવતીકાલે વોર્ડ નં.૭, ૧૪, ૧૭ અને ૧૮ પાર્ટમાં પાણી વિતરણ બંધ
- રીબડાથી આવતી પાણીની જર્જરીત પાઇપલાઇનમાં સાત સ્થળે ભંગાણ : અવારનવાર બિસ્કીટની જેમ ભાંગતી પાઇપલાઇનો



ભારત હેડલાઇન, તા.૨૭

રાજકોટને પીવાનું ૪૦ એમએલડી જેટલું પાણી પુરૂ પાડતી અને રીબડાથી આવતી ભાદર ડેમની પાણીની પાઇપલાઇન ફરી જર્જરીત બનતા સાત જગ્યાએ લીકેજ થયું છે. આ કારણે આવતીકાલ શુક્રવારે વાવડીના વોર્ડ નં. ૧૧ અને ૧૨ પાર્ટ તથા શનિવારે મધ્ય રાજકોટના વોર્ડ નં.૭, ૧૪, ૧૭ અને ૧૮ પાર્ટમાં પાણી વિતરણ બંધ રાખવા મનપાએ જાહેરાત કરી છે.

ચોમાસુ શરૂ થતા જ ટેકનીકલ કારણોથી લોકોને ફરી પાણીના ધાંધીયાનો અનુભવ થયો છે. પરંતુ પાઇપલાઇન ૬ થી ૭ જગ્યાએથી લીકેજ હોય, પાણીનો બગાડ અટકાવવા રીપેરીંગ જરૂરી હોવાનું કોર્પો.એ જણાવ્યું છે. આમ છતાં થોડા મહિના પહેલા પણ આ જર્જરીત લાઇન રીપેરીંગ કરવામાં આવી હતી તે ઉલ્લેખનીય છે. આ જુની પાઇપલાઇન અવારનવાર લીક થતી હોય, કોર્પો. અને લોકો બંને હેરાન થઇ ગયા છે. ભાદર યોજના આધારીત ભાદર ડેમ થી રીબડા ફિલ્ટર પ્લાન્ટ સુધીની પાઇપલાઇન ઘણીજ જૂની હોવાના કારણે અલગ અલગ સ્થળ પર લીકેજ રીપેરીંગ કામગીરી હાથ ધરવાની હોય, તા.૨૮ શુક્રવારના રોજ વાવડી હેડવર્કસ હેઠળ આવતા વિસ્તારો (વોર્ડ નં.૧૧(પાર્ટ), ૧૨(પાર્ટ)) તથા તા.૨૯ શનીવારનાં રોજ ગુરુકુળ હેડ વર્કસ હેઠળ આવતા વિસ્તારો પૈકીના ઢેબરરોડના (વોર્ડ નં.૭ પાર્ટ,૧૪ પાર્ટ,૧૭ પાર્ટ), નારાયણનગર હેડવર્કસ હેઠળ આવતા વિસ્તારો (વોર્ડ નં.૧૮(પાર્ટ)) તથા સ્વાતીપાર્ક હેડવર્કસ હેઠળ આવતા વિસ્તારો (વોર્ડ નં.૧૮(પાર્ટ)) માં પાણી વિતરણ બંધ રહેશે, જેની જાહેર જનતાએ નોંધ લેવા જણાવાયું છે. તા. ૨૮ શુક્રવાર વાવડી હેડવર્કસ આધારિત વિસ્તારો :

વોર્ડ નં. ૧૧-પાર્ટ, અંબિકાટાઉનશીપ-પાર્ટ, વોર્ડ નં. ૧૨-પાર્ટ વાવડી ગામ, વિશ્વકર્મા સોસા., મહમદી બાગ, શકિતનગર, રસુલપરા, બરકાતીનગર, મધુવન સોસા., ગોવિંદરત્નબ, જે.કે.સાગર, વૃંદાવનવાટીકા, આકાર હાઇટસ, પુનિત પાર્ક, અંબિકા ટાઉનશીપ વિગેરે સોસા. તા. ૨૯ શનિવાર ગુરુકુળ આધારિત ઢેબર રોડ સાઇડનાં આધારિત વિસ્તારો : વોર્ડ ૭ -પાર્ટ ભક્તિનગર પ્લોટ, વિજય પ્લોટ, ગોંડલ રોડ, ઢેબર રોડ, લોહાનગર, ઉદ્યોગ નગર તથા વિગેરે. વોર્ડ નં. ૧૪ -પાર્ટ વાણીયાવાડી, ગાયત્રીનગર, ગોપાલનગર, ગીતાનગર, ભક્તિનગર, ઢોલરીયાનગર, શ્રમજીવી સોસાયટી, કોઠારીયા કોલોની (પાર્ટ), માસ્ટર સોસાયટી (પાર્ટ), મીલપરા (પાર્ટ), મયુર પાર્ક, પુજારા પ્લોટ (પાર્ટ), આનંદનગર (પાર્ટ), મધુરમ પાર્ક, ગુલાબ નગર, અમૃત પાર્ક. વોર્ડ નં. ૧૭-પાર્ટ, નારાયણ નગર ભાગ-૧,૨, નારાયણ નગર મફતિયું, ઢેબર કોલોની ભાગ-૧,૨,૩, હસનવાડી ભાગ-૧,૨, વાલકેશ્વર સોસાયટી, શ્રીનગર, સાધના સોસાયટી, ઇન્દીરાનગર ૧,૨, મેઘાણીનગર, ન્યુ મેઘાણીનગર, આશીર્વાદ સોસાયટી, ગુરુજન સોસાયટી, ગીતાંજલી સોસાયટી, અવંતિકા સોસાયટી, આનંદનગર ગાયત્રી બગીચા વાળો ભાગ. નારાયણનગર આધારિત વિસ્તારો : વોર્ડ નં. ૧૮ પાટ ખોડીયારનગર, હીંગળાજનગર, હરીદ્વાર-૧, હરીદ્વાર-૨, ગુજરાત હાઉસીંગ બોર્ડ, નારયણનગર, ચંદ્રેશનગર, મચ્છોનગર, નુરાનીપરા, દોલતપરા, નાગબાઇ પરા, શિવમ ખાડો, શીતળાધાર, રેઇલવે બોર્ડ ક્વાટર્સ, શુભમપાર્ક, સીતારામ સોસાયટી, સોલ્વંટ ક્વાટર્સ, સ્વાતીપાર્ક આધારિત વિસ્તારો : વોર્ડ નં. ૧૮ પાર્ટ, ગુલાબનગર,સોમનાથ ઇંડસ્ટ્રીઝ, ઇશ્વરપાર્ક, શ્રદ્ધાપાર્ક, શિવપાર્ક, મંગલપાર્ક, રાધાપાર્ક, આદર્શપાર્ક, શ્યામપાર્ક, રામેશ્વર રેસીડેંસી, રેઇનબો રેસીડિંસી, જયપાર્ક, શિવ સાગરપાર્ક, સુરભી રેસીડેંસી, જયરામપાર્ક, મયુર પાર્ક, સિલ્વર રેસીડેંસી, ખોડલધામ, સુરભી રેસીડેંસી, શ્યામકિરણ સોસાયટી, આદર્શ ગ્રીન, આદર્શ શિવાલય, આદર્શ શિવાલય-૨, શનપાર્ક, પ્રમુખરાજ સોસાયટી, ગધાધરપાર્ક, શિવ સાગર પાર્ક, શ્રી રામ વાટીકા, ગોલ્ડન રેસીડેંસી, સત્યમપાર્ક, સુંદરમપાર્ક, નવું રાધેશ્યામ પાર્ક, આસોપાલવ વાટીકા.

# બોલબાલા ટ્રસ્ટના સહયોગથી રાજકોટથી ચારધામ યાત્રા પ્રવાસે યાત્રિકો થયા રવાના



ભારત હેડલાઇન, તા.૨૭

બોલબાલા ટ્રસ્ટ દ્વારા રાજકોટથી ચારધામ યાત્રા પ્રવાસે જતા યાત્રીકોને રાજકોટ રેલ્વે જંકશન બોલબાલાના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાયએ ઉપસ્થિત રહી યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. ચારધામ જતા યાત્રીકોનો પ્રવાસ જીવનની અને યાદગાર યાત્રા બની રહે તેવી બોલબાલા ટ્રસ્ટ વતી શુભેચ્છા આપવામાં આવી હતી. રાજકોટથી ચારધામ યાત્રા પ્રવાસે જતા યાત્રીકોના યાત્રા પ્રસ્થાનમાં બોલબાલાના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાય કમીટી મેમ્બર, તેમજ બોલબાલા ટ્રસ્ટ સ્ટાફ પણ જોડાયો હતો. રવિવારે બપોરે બપોરે ૩ થી ૭ રાષ્ટ્રીય શાળા ખાતે સંગીત સંધ્યા યોજાશે.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# શાળા સંચાલકો દ્વારા સ્કૂલમાંથી યુનિફોર્મ, સ્ટેશનરી લેવાના આગ્રહ સામે વાલીઓમાં રોષ ભભૂક્યો





- **સ્થાનિક વેપારીઓનો માત્ર ૨૫ ટકા જ વેપાર, ઠાલવી હૈયા વરાળ**
- **સ્ટેશનરી – સ્કૂલ બેગના ભાવ ન વધતા વાલીઓને રાહત**

ભારત હેડલાઇન, તા.૨૭

નવુ શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયુ છે. આ શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે બાળકોના સ્કુલ યુનિફોર્મ, બુટ, મોઝા, સ્ટેશનરીની વસ્તુઓની ખરીદી શરૂ થઈ જાય છે. આ વર્ષે ફાયર સેફટી એનઓસીના નિયમોના કારણે સ્કુલો મોડી શરૂ થઈ હતી. ૧૦ દિવસનું અંતર પડતા ખરીદી પણ મોડી શરૂ થઈ હતી. હાલ દુકાનોમાં ખરીદી જોવા મળી રહી છે. સ્કુલ શરૂ થતા સ્ટેશનરીની દુકાનોમાં ભીડ જોવા મળે છે ત્યારે આ વર્ષે ખરીદીમાં ઘટાડો થયો હોવાનો વેપારીઓ પાસેથી અહેવાલ મળી રહ્યા છે. સ્ટેશનરીના વેપારીઓનું કહેવું છે કે, સ્કુલ દ્વારા બુટ વગેરે વસ્તુઓ અપાય રહી છે. આથી વેપારીઓના વેપારધંધાને મોટી અસર પડી છે. હાલ માત્ર ૨૫ ટકા જ ઘરાકી છે. સ્કુલ સંચાલકોએ વાલીઓને બહારથી સ્ટેશનરીની ખરીદી માટે મનાય કરી સ્કુલમાંથી આપવા સૂચનો કર્યા છે. વેપારીઓની સ્થિતિ કપરી બની છે. રાઈટ ટુ એજયુકેશનના નિયમ વિરુદ્ધ જઈ સ્કુલ સંચાલકો સ્કુલમાંથી જ સ્ટેશનરીની વસ્તુઓ આપી રહ્યા છે. જેને પગલે વેપારીઓને ૭૫ ટકા નુકશાની ભોગવવાનો વારો આવ્યો છે. ૮૦ ટકા સ્કુલોમાંથી આ સૂચના અપાય છે. રાજકોટમાં અંદાજે ૫૦૦ જેટલા સ્ટેશનરીના વેપારીઓ છે જેની રોજીરોટી પર અસર પડી છે. આ વર્ષે સ્ટેશનરીના ભાવમાં વધારો થયો નથી. આથી વાલીઓને રાહત મળી છે. ગત વર્ષે ૧૫ ટકાનો વધારો થયો હતો. કાગળના ભાવ વધતા ચોપડા-બુકના ભાવ વધ્યા હતા તેમજ અન્ય સ્ટેશનરીની વસ્તુઓના ભાવ પણ વધ્યા હતા. સ્કૂલો મોડી શરૂ થતા યુનિફોર્મની ખરીદી 'લેટ' થઈ

આ વખતે સ્કુલ વેકેશન મોડુ ખુલ્યુ હતું. જુનના બીજા સપ્તાહમાં શરૂ થનાર સ્કુલનું વેકેશન પહેલા ઉનાળાની ગરમી અને ત્યારબાદ સ્કુલોમાં ફાયર એનઓસી માટે લંબાવાયુ હતું. આથી આ વર્ષે સ્કુલ યુનિફોર્મની ખરીદી પણ મોડી શરૂ થઈ હતી. લિબર્ટી સ્ટોરવાળા સર્જુભાઈ કારીયા જણાવે છે કે, આ વર્ષે સ્કુલ ડ્રેસના ભાવમાં વધારો થયો નથી પરંતુ ખરીદીની સિઝન મોડી શરૂ થઈ હતી. વેકેશન મોડુ ખુલતા શરૂઆતમાં ૩૦ થી ૪૦ ટકા જ ડિમાન્ડ હતી. પરંતુ સ્કુલ ખુલતા ઘરાકીમાં ઉછાળો આવ્યો હતો. સ્કુલ સંચાલકો દ્વારા આ વર્ષે યુનિફોર્મ બદલવામાં આવ્યો નથી. હાલ મધ્યમ ઘરાકી છે.

## શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમમાં ધારાસભ્ય ઉદય કાનગડે ભુલકાઓને પ્રોત્સાહિત કર્યા

ભારત હેડલાઇન, તા.૨૭



વિધાનસભા-૬૮માં વોર્ડ-૪, ભગવતીપરામાં શાળા નં.૪૩ અને ૧૦૦માં તેમજ જુના મોરબી રોડ ખાતે શાળા નં.૭૭ અને શાળા નં. ૪૬માં રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ધ્વારા ધારાસભ્ય ઉદય કાનગડની પ્રેરક ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ તકે રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ પુજાબેન પટેલ, વોર્ડપ્રભારી જે.ડી. ભાખર, કંકુબેન ઉઘરેજા સહિતના શિક્ષણ સમિતિ સદસ્ય આગેવાનો ઉપસ્થિત રહયા વિરમભાઈ સાંબડ, કોર્પોરેટર હતા.

## ડો.ઠકકરની હોસ્પિટલમાં દાંત, કાન, નાક, ગળા, એલર્જીના રોગોનું નિદાન તથા સારવારનો રાહતદરે કેમ્પ યોજાશે





ભારત હેડલાઇન, તા.૨૭

પ્રથમ હરોળની હોસ્પિટલોમાની એક એવી ડો.ઠક્કરની દાંત તથા કાન નાક ગાળાની અદ્યતન સર્જીકલ હોસ્પીટલ એન્ડ એન્ડોસ્કોપી સેન્ટર, ૧૭ વર્ષ પુરા કરી ૧૮ માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે ત્યારે ૧ જુલાઈના રોજ રાહત દરે કાન, નાક તથા બહેરાશના રોગોનો નિદાન અને સારવાર કેમ્પ. વિદ્યાનગર મેઈન રોડ, ૨૦૨, લાઈફ લાઈન, બીજે માળે, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. નામ નોધાવવા માટે ફોન નંબર. ૦૨૮૧ - ૨૪૮૩૪૩૪. મો ૯૧૦૬૧ ૧૯૦૩૮ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# પૂ. મહંત સ્વામી મહારાજના પ્રાતઃ પૂજા દર્શનથી કાલાવડ રોડ સ્વામિનારાયણ મંદિરે હરિભક્તો ભાવવિભોર બન્યાં



ભારત હેડલાઇન, તા.૨૭

કાલાવડ રોડ પર આવેલ પ્રમુખસ્વામી સભાગૃહમાં મંગલ પ્રભાતે ૬ થી ૮ દરમિયાન પ.પૂ. મહંતસ્વામી મહારાજના પ્રાતઃ પૂજા દર્શન માટે હરિભક્તોની ભીડ ઉમટી પડે છે. વહેલી સવારે બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજનું જીવન ચરિત્રના ગ્રંથોનું આલેખન કરનાર અને પ્રગટ બ્રહ્મ સ્વરૂપ મહંત સ્વામીના જીવનને સૌ કોઈ પ્રત્યેક્ષ રૂપે નીહાળી શકે, તે માટે એમનું જીવનચરિત્ર લખી રહેલ સાધુતાએ યુક્ત સંત પૂ. આદશ જીવન સ્વામી પ્રગટ ચરિત્રામૃત વિષયક પ્રાતઃ કથામૃતનો લાભ આપી રહ્યા છે. પ.પૂ.મહંત સ્વામી મહારાજના પ્રાતઃ પૂજામાં સંગીતજ્ઞ હરિભક્તો કીર્તનગાન દ્વારા તેઓની કળાને પાવન કરી હતી અને નિર્દોષતાથી છલકતા એવા નાના બાળકોએ સત્સંગ દીક્ષાના શ્લોકો, સાખીઓ, સ્વામીની વાતો, પ્રસંગોના મુખપાઠની રજૂઆત કરી હતી. પ.પૂ.મહંત સ્વામી મહારાજની સાથે સેવામાં રહેતા સેવક સંતો દ્વારા સ્વામીશ્રીના ગુણોને વ્યક્ત કરતા પ્રસંગો રજૂ થયા હતા. જેમાં પૂજ્ય સેવક સંતોએ જણાવ્યું હતું કે, 'સ્વામીશ્રી દરેક ક્રિયામાં હંમેશા ભગવાનને યાદ કરે છે, મૂર્તિમાં જાણે સાક્ષાત ભગવાન છે એવા જ ભાવ સાથે ભક્તિ કરે છે. સ્વામીશ્રી પર રોજના૧૫૦ જેટલા પત્રો ભક્તો પોતાના પ્રશ્નોના સમાધાન પ્રાપ્ત કરવા માટે મોકલે છે. અને ૯૧ વર્ષની વયે પણ આ ભક્તોના પ્રશ્નોના સમાધાન સ્વામીશ્રી કરી આપે છે. 'સેવક સંતો એકહેલ ગુરુભક્તિના પ્રસંગો ઉપસ્થિત તમામ ભક્તોને એક સાચા શિષ્ય બનવાની પ્રેરણા આપી રહ્યા હતા. આજના દિને પોતાના ગુરુજીના વિશિષ્ટ પ્રસંગો સાંભળીને ભક્તોએ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

# આત્મીય યુનિવર્સિટી કેમ્પસમાં રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન

ભારત હેડલાઇન, તા.૨૭

રાજકોટમાં તા ૨૮, ૨૯, ૩૦, શુક્ર, શનિ, રવિ ના રોજ આત્મીય યુનિવર્સિટી કેમ્પસમાં રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું છે. અધિવેશન ઉદ્દઘાટન પરમ પૂજ્ય સ્વામી ત્યાગ વલ્લભ સ્વામી કરશે તેમજ રાજકોટના ઉદ્યોગ સાહસિક સામાજિક અગ્રણી મૌલેશ ભાઈ ઉકાણી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ ઉપ કુલપતિ ડોક્ટર કમલેશભાઈ જોશીપૂરા, બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાય વિષેશ ઉપસ્થિત રહેશે. ત્રણ દિવસના આ અધિવેશનના વ્યવસ્થામાં રાજકોટ ભારત ભારતીના પ્રફુલભાઈ સંઘાણી પટેલની આગેવાની નીચે વિવિધ કમિટીઓ




અને વિભાગો તડામાર તૈયારી કરી રહ્યા છે. રાજકોટના કેરળ સમાજના અગ્રણી અને અયપ્પા ટ્રસ્ટના મંદિરન ટ્રસ્ટી રમેશભાઈ મેનન રાજકોટ ભારત ભારતીના પ્રમુખ છે હિન્દી સમાજના અગ્રણી અનિલભાઈ ગુપ્તા (બિહાર વાસી) આ સંસ્થાના મંત્રી છે રાજકોટ ભાજપના ભાષાભાષી સેલન મંત્રી આનંદસિંહ (બનારસ)આ સંસ્થાના કોષાધ્યક્ષ છે. ઉપરાંત બંગાળી ઍસોસિયેશનના આતાનું ચક્રવતી બિડારી સમાજના ધનંજય સિંહ રાજકોટની જાણીતી શૈક્ષણિક સંસ્થાના સંચાલક વિદ્યાનિકેતનના વિમલ દેવ કપૂર લાખાજી રાજરોડ એસોસિએશન ના અગ્રણી અને જૈન શ્રેષ્ટિ મહેશભાઈ મહેતા આકાશવાણીના નિવૃત્ત અધિકારી બીપીન શર્મા(રાજસ્થાન) ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્રસિંહ ઠાકુર, જાણીતા સામાજિક મહિલા અગણી ડો. મૃણાલિની બેન પ્રાસ્રોતા, જાણીતા સ્કિન સ્પેશ્યાલિસ્ટ ડો. મોનાલી બેન પંઢારે (મહારાષ્ટ) ફિઝીઓથેરાપીસ્ટ ડો. અસીમ ચેટર્જી વગેરે વગેરે ભારત ભરતીના આ અધિવેશનને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ પર LLMનું મુકાયુ ક્ષતિયુક્ત મેરીટલીસ્ટ



- ભવને ડોકયુમેન્ટ વેરીફાઈ કર્યા વગર જ મેરીટ યાદી મૂકી દીધી : નવું લિસ્ટ મૂકવા કુલપતિને આવેદનપત્ર

ભારત હેડલાઇન, તા.૨૭

સૌરાષ્ટ્ર યુનિ.ની વેબસાઈટ પર એલ.એલ.એમ.નું મૂકાયેલ મેરીટ લીસ્ટ ક્ષતિયુક્ત હોય તે હટાવી નવુ મૂકવાની માંગણી ઉઠાવી લવદીપ પટેલે આ અંગે યુનિ.ના કુલપતિને આવેદનપત્ર આપી રજૂઆત કરી છે. તેઓએ જણાવેલ છે કે સૌરાષ્ટ્ર યુનિ.ના બન્ને એલ.એલ.એમ. ભવનોની મેરીટ યાદીમાં વિદ્યાર્થીઓની ટકાવારીમાં તફાવત આવે છે એટલે કે એક ભવને વિદ્યાર્થીઓના માર્કસ વેરીફાઈ કરીને મેરીટ યાદી તૈયાર કરેલ છે જયારે બીજા ભવને ડોકયુમેન્ટ-માર્કસશીટ વેરીફાઈ કર્યા વગર જ મેરીટ યાદી બનાવીને મૂકી દીધી છે. જેથી ક્ષતિયુક્ત આ મેરીટ યાદી હટાવી નવી મેરીટ યાદી મુકવા તેઓએ જણાવેલ છે.

# સિવિલ હોસ્પિટલમાં વર્ગ ૪ના કર્મચારીઓના શોષણ બાબતે ધરણા કરવાની ચીમકી



ભારત હેડલાઇન, તા.૨૭

સિવિલ હોસ્પિટલમાં કોન્ટ્રાકટ બેઈઝથી કામ કરતા વર્ગ ૪ના સફાઈ કામદાર સહિતના કર્મચારીઓનું શોષણ થતું હોવાના આક્ષેપ સાથે પોલીસ કમિશનરને રજુઆત કરાઈ છે અને આગામી તા.૧ જુલાઈએ હોસ્પિટલ ચોકમાં બાબા સાહેબ ડો.આંબેડકરજીની પ્રતિમા પાસે ધરણા કરવાની ચીમકી અપાઈ છે. આક્ષેપ છે કે અગાઉ કેટલાંક આક્ષેપો થયેલા તે અંગે પગલાં લેવાયા નથી અને કર્મચારીઓના પગાર મોડા થવા, પીએફ જમા ન થવું વગેરે બાબતે પણ નિરાકરણ આવતું નથી. જેથી ધરણાં કરવાની ફરજ પડી છે તેમ રાજકોટ કામદાર યુનિયનની યાદીમાં જણાવ્યું છે.